ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૫-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

વડનગરથી દિલ્હી વાયા વડોદરા-વારાણસી

ઉત્તરગુજરાતમાં નાગરીનાતના કુળદેવતા હાટકેશ્વરનું ભવ્ય મંદિર, શર્મિષ્ઠા તળાવ, નરસિંહ મહેતાની ચૉરીઓ અને ઐતિહાસિક કીર્તિ તોરણ ધરાવતી સાંસ્કૃતિ નગરી તરીકે વડનગર કેવળ અભ્યાસુ ઈતિહાસવિદો અને પુરાતત્વવિદો પૂરતું જાણીતું હતું. કયારેક એ જૂના ગુજરાતની રાજધાની પણ રહ્યું હોવાની કિંવદંતી છે. તાના-રીરી નામની બહેનબેલડીએ અકબરના દરબારના સંગીતકાર તાનસેનનો દાહ મટાડવા મલ્હાર ગાયો હોવાની કથા પણ જાણીતી છે. આનંદપુર, આનર્તપુર અને વૃદ્ધનગર જેવાં વિવિધ નામે ઓળખાતું આ નગર બૌદ્ધકાળમાં સમૃદ્ધિના શિખરે હોવાના પુરાતત્વલક્ષી પુરાવા મળેલ છે. વડનગર છેક હમણાં સુધી ખેરાલુ તાલુકાના સૌથી મોટા કસ્બા તરીકે ઓળખાતું હતું. મધ્યકાળના કોઈ સુષુપ્ત, ખંડિત નગરને એક મૂઠી ઊંચેરી ઓળખ સાંપડી હતી સર્વોદય અગ્રણી ડૉ. દ્વારકાદાસ જોશી અને ડૉ. વસંત પરીખ જેવા સમર્પિત લોકસેવકની કર્મભૂમિ તરીકે પરંતુ એ ધૂળિયા કસ્બામાં ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના દિવસે સાધારણ સ્થિતિના હિંદુ ઘાંચી દામોદરદાસ મોદી અને હીરાબાની કૂખે જન્મેલ નરેન્દ્ર નામનો બાળક ૧૭મે, ૨૦૧૪ના દિવસે ભારતના વડાપ્રધાન પદે બિરાજવા દેશની રાજધાની દિલ્હીના રાજમાર્ગો પર પ્રજાનું અભિવાદન ઝીલશે, એવું તો કોઈએ સ્વપ્ને પણ કયાંથી કલ્પ્યું હોય? નરેન્દ્ર મોદી કેવળ ભારતીય રાજકારણ કે લોકતંત્રની જ નહીં બલકે સમગ્ર વિશ્વના રાજકારણની ન ભૂતો ન ભવિષ્યતિ જેવી ઘટના છે. ૨૦૦૧માં કચ્છના ભૂકંપ પછી ગુજરાત ભારતીય જનતા પાર્ટીની સ્થિતિ પણ ડામાડોળ લાગી ત્યારે ભાજપના હાઈકમાંડે તે વખતે રાષ્ટ્રીય મહામંત્રી તરીકે કાર્યરત, સંગઠનના માહેર યુવા નેતા નરેન્દ્ર મોદીને ગુજરાતનું સુકાન સોંપ્યું ત્યારે પણ મર્યાદિત અપેક્ષાઓ જ હતી. આગામી વિધાનસભાની ચૂંટણીમાં એમની સંગઠનશક્તિ કામે લગાડી ભગવો લહેરાતો રાખે, એથી આગળ કંઈ જ નહીં. પરંતુ નરેન્દ્ર મોદી તો 'ઈતિહાસ' રચવા આવ્યા હતા. એમની સંકલ્પ શક્તિ એટલી પ્રબળ હતી કે તેઓએ સળંગ ત્રણ ચૂંટણીઓ જીતી બતાવી અને ગુજરાતને વિકાસના પંથે અગ્રેસર કરી વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું. વડનગર સ્ટેશને ચાની લારી સંભાળતા અદના કિશોરે પચાસની વયે પહોંચતાંમાં વિશ્વની કોર્પોરેટ હસ્તીઓ પર પ્રભાવ પાથર્યો, જેની ફળશ્રુતિ લેખે આજે એ વિશ્વની સૌથી મોટી લોકશાહીના સુકાની સુધીની સફર પાર પાડી શકયા છે.

નરેન્દ્ર મોદીને ૨૦૦૨નાં અનુગોધરા રમખાણોના ખલનાયક ચીતરવામાં કંઈ જ બાકી નહોતું રખાયું. અમેરિકા ભારતના વેડવા વાઘરીને પણ વિઝા આપતું રહ્યું છે, ગુજરાતના મુખ્યમંત્રીને એણે આજપર્યંત 'અસ્પૃશ્ય' ગણીને એક લોકશાહી રાષ્ટ્રનું અપમાન કર્યું હતું. સંજોગો બદલાતાં એ જ અમેરિકાના પ્રમુખે નરેન્દ્ર મોદીને સામેથી ફોન કરી અનુકૂળતાએ અમેરિકા 'પધારવા'નું નોતરું પાઠવ્યું તે જ શું મોદીના વિશ્વવિજયનું ઝળહળતું પ્રમાણ નથી?

ઉત્તર ગુજરાતએ ભારતનો વિશિષ્ટ પ્રદેશ છે. અહીં થઈ કર્કવૃત પસાર થાય છે. વડનગરની માટીમાં રગદોળાયેલો કિશોર એના સ્વપુરુષાર્થથી રાષ્ટ્રનાયક બન્યો છે તેનું ઉત્તર ગુજરાતને ગૌરવ હોવું જોઈએ. ગ્રામ પંચાયતની પણ ચૂંટણીમાં નહીં ઊભા રહેલા એક સંગઠનના કાર્યકરને પાર્ટીએ સીધું જ ગુજરાતનું સુકાન સોંપ્યું હતું અને ગુજરાતના કર્ણધાર તરીકેની નોંધપાત્ર કામગીરીએ એમને વડાપ્રધાનપદે પહોંચાડયા છે. ગુજરાતમાં વડોદરા રાજય એ આદર્શ દેશી રજવાડું ગણાતું હતું. મહારાજા સયાજીરાવ ગાયકવાડના સુશાસનની દંતકથા જાણે એમની જ રૈયત એવા વડનગરના અદના ધરતીપુત્રમાં સાકાર બની છે. મોદીએ દિલ્હી જવા માટે પસંદ કરેલો રૂટ પણ કેવો વિશિષ્ટ છે! એ વડનગરથી સંન્યાસી થવા નીકળત્યા હતા અને હવે વડોદરા અને વારાણસી થઈ દિલ્હીના રાજસિંહાસન પર બિરાજવાના છે.

કર્મચારીઓની અનિયમિતતા અંગે યુનિ. નાખુશ

કર્મીની અનિયમિતતા રોકવા બાયોમેટ્રિક પધ્ધતિ શરૂ થઇ

યુનિવર્સિટીનાં દરેક ભવન, વિભાગમાં ફિંગર સિસ્ટમથી હાજરી પુરવામાં આવશે : તમામ સમયની નોંધણી કરાશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતાની મનમાની ચલાવી નિયત સમયે કામ પર ન આવતા હોવાની ફરીયાદ યુનિવર્સિટી સત્તાધીશોને છેલ્લા કેટલાક સમયથી મળી રહી છે ત્યારે હવે કર્મચારીની આ અનિયમિતતા અટકાવવા માટે યુનિવર્સિટી દ્વારા બાયોમેટ્રિક પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ હવે યુનિવર્સિટીનાં દરેક ભવન અને વિભાગમાં ફિંગર સિસ્ટમથી હાજરી પુરવામાં આવશે, કર્મચારીઓએ ઓફિસ આવવાનાં અને જવાનાં સમયે ફિંગરથી હાજરી પુરવાની રહેશે. જેથી કર્મચારીઓની અનિયમિતતા અટકશે. ટૂંક સમયમાં આ બાયોમેટ્રિક પધ્ધતિ વિદ્યાર્થીઓ માટે પણ અમલી બનાવાશે.

ગુજરાત યુનિવર્સિટીમાં સવારના ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ સુધીનો ઓફિસનો સમય છે પરંતુ યુનિવર્સિટીમાં કોઈપણ કર્મચારી સમયસર આવતા નથી. જેનું યુનિવર્સિટીનાં સત્તાધીશોનાં ધ્યાનમાં આવતા હવે બાયોમેટ્રિક સિસ્ટમ લગાવવામાં આવશે જેને કારણે યુનિવર્સિટીની કાર્ય પધ્ધતિમાં સુધારો આવશે. તેવી ચર્ચા ગત સપ્તાહે યોજાયેલી એકઝીક્યુટીવ કાઉન્સીલમાં કરવામાં આવી હતી. આ સિસ્ટમ લગાવ્યા પછી યુનિવર્સિટીનાં દરેક ભવન અને વિભાગમાં ફિંગર સિસ્ટમથી હાજરી પુરવાની રહેશે. જેથી કર્મચારીઓની અનિયમિતતા અટકશે. ટૂંક સમયમાં આ બાયોમેટ્રિક પધ્ધતિ વિદ્યાર્થીઓ માટે પણ અમલી બનાવાશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ડિસેમ્બર માસમાં યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા દરેક ભવનોમાં કર્મચારીઓને નિયમિત આવવા માટેનું પરિપત્ર જાહેર કરવામાં આવ્યું હતું પરંતું કામમાં કાયમી આળસ દાખવવાની ટેવ ધરાવતા સરકારી કર્મચારીઓનાં માનસ પર આ પરિપત્રની કોઈ જ અસર થઈ ન હતી. આજે પણ ગુજરાત યુનિવર્સિટીના નકર્મચારીઓ પોતાની ઈચ્છા મુજબ કામ પર આવતા હોય છે. જો કે હવે યુનિવર્સિટીનાં સત્તાધીશો દ્વારા દાખલ કરવામાં આવનાર બાયોમેટ્રિક પધ્ધતિ અસરકારક સાબીત થાય છે કે નહીં તે તો હવે આવનારો સમય જ બતાવશે.

સ્કુલ બોર્ડનો પ્રોજેક્ટ કાગળો પર રહી ગયો

પાંચ વર્ષથી બજેટની ફાળવણી પણ મોડેલ સ્કુલ બની જ નથી

નગર પ્રાથમિક શાળામાં શિક્ષણના ધોરણો સુધારવા માટે રીસર્ચ કરી મોડેલ સ્કુલનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ અને સરકારી સંસ્થાઓ દ્વારા દરેક ઝોનમાં એક મોડેલ શાળા તૈયાર કરવાનો પ્રોજેક્ટ પાંચ વર્ષ પહેલા તૈયાર કરવામાં આવ્યો હતો. જેનાં માટે પાંચ વર્ષથી બજેટની ફાળવણી પણ કરવામાં આવી રહી છે. તેમ છતાં તેના હજુ સુધી કોઈ જ કામગીરી કરવામાં આવી નથી માત્ર પ્રોજેક્ટ કાગળો પર રહી ગયો છે. શહેરની નગર પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના ધોરણો સુધારવા માટે રીસર્ચ કરી મોડેલ સ્કુલનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત મ્યુનિસિપલ સ્કુલ બોર્ડની શાળાઓમાં શિક્ષણનાં ધોરણો સુધારવા માટે રીસર્ચ કરી મોડેલ સ્કુલનો પ્રોજેક્ટ તૈયાર કવરામાં આવ્યો હતો. પાંચ વર્ષ પહેલા પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. જેમાં તેમણે શહેરના તમામ ઝોન એક મોડેલ સ્કુલ તૈયાર કરવાની કે જેનાથી લોકોને ખ્યાલ આવે કે સરકારી શાળાઓ પણ અદ્યયતન હોઈ શકે ત્યારબાદ તબક્કાવાર અન્ય શાળાઓને પણ તેમાં આધુનિક સાધન સુવિધાથી સજ્જ કરવામાં આવે. આ મોડેલ સ્કુલના પ્રોજેક્ટ માટે નગર સમિતિના બજેટમાંથી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. પરંતુ આ વાતને આજે પાંચ વર્ષ થવા આવ્યા આજ સુધી આ રકમમાંથી એક પૈસાનો પણ ખર્ચ કરવામાં આવ્યો નથી. છેલ્લા બજેટમાં ફરી ૬૧ લાખની ફાળવણી કરવામાં આવી છે. આમ શિક્ષણના સ્તર સુધારવા માટે તૈયાર કરેલો પ્રોજેક્ટ માટે યોગ્ય કામગીરી ન થતાં માત્ર કાગળ પર રહી ગયો છે. જેનાથી એક વાત નક્કી છે કે મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના સભ્યો માત્ર વિકાસ અને શિક્ષણના સ્તરને સુધારવાની વાતો કરી રહ્યા છે જે છેલ્લા પાંચ વર્ષથી પ્લાન કરેલા મોડેલ સ્કુલોની એક પણ શાળા બનાવી નથી શકયા. તેના પરથી જ ખ્યાલ આવી શકે છે. તેમના મોડેલ સ્કુલોના પ્લાન માત્ર કાગળો પર જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં હાયપરટેન્શનનાં કેસમાં અમદાવાદ મોખરે

સમગ્ર વિશ્વમાં હાયપરટેન્શનની બીમારી વધતી જાય છે ત્યારે વિવિધ કારણોસર લોકોને બ્લડપ્રેશરની સમસ્યા સર્જાતી કેટલાંક લોકોને હાઈ બ્લડપ્રેસર અને કેટલાંકને લો બ્લડપ્રેશરની સમસ્યા સર્જાતી હોય છે, જેને લીધે કેટલાંક લોકો ચક્કર ખાઈને રસ્તા પર ઢળી પડતા હોય છે. ત્યારે ઈએમઆરઆઈ ૧૦૮ દ્વારા કુલ ૯૫૦૦થી વધુ કેસ હેન્ડ કર્યા હતા, જેમાંથી ૨૩૦૨ જેટલા કેસ સાથે અમદાવાદ સમગ્ર રાજ્યમાં મોખરે હોવાનું ૧૦૮ના સુત્રો જણાવી રહ્યા છે. આધુનિક જીવન શૈલીમાં સુવિધાઓની સાથે અનેક બિમારીઓ પણ ફ્રીમાં મળી રહે છે. તેમાંથી એક બિમારી એટલે હાયપરટેન્શન તાજેતરમાં દુનિયામાં હાયપરટેન્શનનાં આંકડામાં ઓચિંતો વધારો આવતા દુનિયાનું ધ્યાન આ બિમારી તરફ ખેંચાયું છે. ત્યારે આ બિમારીનું પ્રમાણ અમદાવાદમાં સવિષેશ જોવા મળતું હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

ડરીશ નહીં... આ તો એમનું કટ આઉટ છે. એ તો દિલ્હી જવા રહ્યા છે...!!

નરેન્દ્ર મોદી

જીતી ગયુ ગુજરાત ને જીત્યા નરેન્દ્ર મોદી
ખીલી ઉઠ્યુ કમળ અને ખીલ્યા નરેન્દ્ર મોદી

ઘેલું બન્યુ ગુજરાતને ઘેલા કર્યા બધાને
તાકાતનો સિકંદર ગજર્યો નરેન્દ્ર મોદી

હોઠોને બંધ રાખી ડંકો વગાડ્યો જેણે
ગુંજે છે નામ સઘળે એક જ નરેન્દ્ર મોદી

વામન મટી વિરાટ જે પળભરમાં થઈ ગયો તે
બીજો ન કોઈ આપણો વ્હાલો નરેન્દ્ર મોદી

અંગત હતો વિજય પણ માભોમને ખોળે ધર્યો
ઔદાર્યનો દરિયો બની ગુંજયો નરેન્દ્ર મોદી

સંવાદહીણા સૂર જે પ્રકટયા હતા તે સૌને
અળગા સિફતથી રાખીને ચાલ્યો નરેન્દ્ર મોદી

નખશીખ રાજકારણીને તેવો જ મુત્સદી પણ
જાયે ના કોઈ થી યે ગાંજ્યો નરેન્દ્ર મોદી

ગુજરાતને લ્હેરાવશે એ હિમગીરી શૃંગ પર
કારણ કે આપણો છે નાયક નરેન્દ્ર મોદી

આંખો અસંખ્ય આજ તો ટાંપી રહી છે જોવા
શક્તિ તણો ભંડાર છે કેવો નરેન્દ્ર મોદી

- કવિશ્રી હસમુખ મઢીવાળા

નરેન્દ્ર મોદી

ભારતના સપૂત ગાંધીને સરદાર સમા
સ્વામી વિવેકાનંદનીવિચાર ધારા સમા

ચાણકય જેવી બુદ્ધિ હવે રંગ લાવી છે
મહાન ભારતની આન બાન શાન સમા

ઘર ઘર મોદી હર હર મોદી સૌનો મંત્ર
મહાન, દિવ્ય, ભવ્ય ભારતની પહેચાન

વિકાસની લહેરથી બનશે હવે મહાસત્તા
દેશ ભય, ભુખ, ભ્રષ્ટાચારથી થશે મુક્ત

સૌનો સાથ સૌનો વિકાસ હવે રંગ લાવશે
ભારત ઉર્જાસ્ત્રોતથી બનશે વિશ્વમાં શ્રેષ્ઠ

આપના થકી ગર્વ છે, વિશ્વના ભારતીયોને
શુભાષિસ છે આપને દરેક ભારતવાસીના

- મહેન્દ્ર ચૌહાણ

હું નરેન્દ્ર દામોદરદાસ મોદી...!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

૧૨મી મેં એ જેવા છેલ્લા તબક્કાના મતદાન સાથે લોકસભા-૨૦૧૪ના લાંબી મતદાન -ક્રિયાનો અંત આવ્યો એ સાથે જ રાહુલ ગાંધીએ ચુંટણી -ચારનો થાક ઉતારવા માટે ઈન્ડોનેશિયાના બાલી ટાપુ તરફ ઉડાન ભરી, સોનિયા ગાંધીએ મનમોહનના માનમાં યુપીએના સાથી પક્ષો સાથેના ડીનર સમારંભની તૈયારીઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, અરવિંદ કેજરીવાલે વિચલિત થયેલા મનની શાંતિ માટે વિપશ્યના શિબિરમાં ધ્યાનમગ્ન થવાનું મુનાસીબ માન્યું કે મનમોહનસિંહે બદલવાનું નક્કી છે એવા મકાનના સામાનના પેકીંગની વ્યવસ્થા કરવાનું શરુ કર્યું ત્યારે બીજા જ દિવસથી આ જ ચૂંટણીના એક અગત્યના ઉમેદવારે પ્રધાનો અને સચિવોની મીટીંગો બોલાવી અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણીની સમસ્યાના નિવારણ માટે કવાયત હાથ ધરી, સતત ચૂંટણી-ચારને લીધે પાછી ઠેલવી પડેલી આમ આદમીઓને આપેલી મુલાકાતો ચાલુ રાખી, ધારાસભ્યોની મીટીંગો સહિતની રોજીંદી કામગીરી શરુ કરી દીધી અને એ પણ એકેય દિવસના આરામ વગર.... આ સતત કાર્યરત માણસનું નામ છે નરેન્દ્ર દામોદરદાસ મોદી. સતત પોતાની જાતને કામમાં ખૂપાવી રાખવી કે લોકોની વચ્ચે રહેવાની આ જ આદતને લીધે જ એક સમયે રેલ્વે સ્ટેશન પર 'ચાય બોલો ભાઈ ચાય' પોકારતો આ ઈન્સાન આવનારા દિવસોમાં રાષ્ટ્રપતિની સમક્ષ ઉન્નત મસ્તકે ઉભા રહીને દેશના સર્વોચ્ચ પદ માટે શપથ લેતો હશે... 'હું નરેન્દ્ર દામોદરદાસ મોદી ઈશ્વર નાં નામે શપથ લઉં છું કે.....'

શું છે આ માણસ? કઈ માટીનો બનેલો છે? કેમ એના કોઈ પણ પગલા / પાસા છેલ્લા ૧૨-૧૨ વર્ષોથી પોબારા જ પડે છે? એવું શું છે મોદીના વ્યક્તિત્વમાં કે ૧૬મી મેં એ જેવી મતપેટી ખુલી કે તરત જ કલ્પના બહાર લોકોનો ે-મ મતપેટીઓમાંથી છલકાવા માંડ્યો? એવી કઈ લહેર એણે ચલાવી કે આઝાદી પછીના મોટાભાગના વર્ષો શાશનમાં રહેલ અને એકાદ સદી જુનો કોંગ્રેસપક્ષ મોદી નામની આંધીમાં તણખલાની જેમ ઉડી ગયો? ક્ષેત્રીય કિંગ ગણાતી અને એવા જ ગુમાનમાં ઘણી સરકારોને કઠપુતલીની જેમ નચાવતી સ.પા., બ.સ.પા., કે એનસીપી જેવી કિંગમેકર પાર્ટીઓ શરમના માર્યા ડૂબી મરવા જેવી સ્થિતિમાં આવી ગઈ? એવું શું કર્યું આ જાદુગરે કે દિલ્હીથી ક્રાંતિની મશાલ લઈને દેશને બદલવા નીકળેલ આપ જેવી પાર્ટી ને તો કેજરીવાલે અત્યાર સુધીમાં ગાલ પર ખાધેલા તમાચા કરતા પણ ઓછી સીટો મળી? સવાલો અનેક છે, અસંખ્ય છે, અગણિત છે પણ જવાબ ફક્ત એક જ છે - નરેન્દ્ર દામોદરદાસ મોદી !!!!

આ લખાય છે ત્યારે ૧૬મી મેં ની અધરાત થવા આવી છે પણ આખાય હિન્દુસ્તાનમાં હજુય દિવાળીનો માહોલ છે, જાણે દેશવાસીઓ કોઈ ભવ્ય તહેવાર મનાવી રહ્યા છે, જાણે દેશ ફરી એકવાર આઝાદી પછીની બીજી આઝાદી ઉજવી રહ્યાછે. એક એવા ઈન્સાનના દેશના સર્વોચ્ચ સિંહાસન પરના આગમનની ખુસીને ઢોલ-નગારા, ફટાકડા અને મીઠાઈઓથી વધાવાય રહ્યો છે કે જેના પતનની દર ત્રીજા મહિને વિરોધી પક્ષો આગાહીઓ કરતા રઝાા હત, આ કહાની છે એક એવા ઈન્સાનની જેણે સખ્ત પરિશ્રમ, સચોટ લક્ષ્ય અને સટીક દાનતથી એક એવું કામ કરી બતાવ્યું છે જેની તો વિરોધીઓએ પણ -શંશા કરવી જ રહી. નરેન્દ્ર દ. મોદી એક એવા ઈન્સાન છે જેણે ધીરે ધીરે પણ ચોક્કસ લક્ષ્ય સાથે અને આંખોમાં એક વિઝન સાથે પોતાની સફળતા મેળવી છે. ૨૦૦૨ના મોદી અને ૨૦૧૪ના મોદીમાં આસમાન જમીનનું અંતર છે. ૨ સીટોથી શરુ થયેલી ભારતીય જનતા પાર્ટીની સફરમાં ૨૦૧૪માં એક એવો મુકામ આવશે કે પાર્ટી ખુદ પોતાના જોરે જ બહુમતી મેળવી જશે એવી કલ્પના તો કદાચ હજુ પણ એ યુગના સાક્ષી અડવાની કે અટલબિહારી વાજપેયી જેવા પીઢ અને વિચક્ષણ ગણાતા નેતાઓને પણ નહિ હોય. અને આવી અ-તિમ સફળતાનો યશ એક એવા ઈન્સાનના લલાટે લખાશે કે જે ફક્ત ૬-૮ મહિનામાં જ એક વિકસિત અને પ્રગતિશીલ રાજયના મુખ્યમંત્રીમાંથી સીધા જ સમગ્ર દેશના સર્વમાન્ય અને સર્વાધિક લોકપ્રિય નેતા બની જશે.

રાજકીય પંડિતો અને જમાના જૂની પાર્ટીઓના નેતાઓ હજુ પણ આંખો ચોળીને ખાતરી કરી રહ્યા હશે કે કહી યે સપના તો નહિ? આવું બની જ કેવી રીતે શકે? આ એવો કયો ચમત્કાર છે જેનો કોઈ તાણોવાણો મળતો નથી. ઉત્તર-દેશ જેવા રાજયમાં કે જયાં જાતિવાદ અને બન્ધુક્વાદ એક એક મતક્ષેત્રમાં ઠાંસી ઠાંસીને વર્ષોથી ઘરબાયેલો હોય ત્યાં અમિત શાહ અને મોદીની જુગલબંધી ફક્ત ૫-૬ મહિનામાં જ આખું ચિત્ર ફેરવી નાખે? અને એ પણ કેવું કે ઉત્તર-દેશની કુલ ૮૦ સીટોમાંથી કોંગ્રેસને ફક્ત બે જ સીટો અને મુલાયમની સ.પા. ને ફક્ત પાંચ જ અને બાકીની બધી જ ભાજપ અને સાથી પક્ષોને અને પછાતો અને દલિતોની હમદર્દ માયાવતીના હાથી ને ભાગે કાઈ જ નીક્ત્તિ. જાતિવાદથી ખદબદતા યુપીમાં તો મુસ્લિમ મતોની સંખ્યા પણ નોંધપાત્ર છે અને ભાજપને તો મુસ્લિમ વિરોધીના રંગે રંગવામાં કોઈ પક્ષે બાકી નથી રાખ્યો તોય આવો ચમત્કાર? ગુજરાતના નાગરિક તરીકે આપણને પણ મિશન ૨૬ની સફળતા વિષે શંકા હતી જ, બહુ બહુ તો બધા ૨૨ સુધી આવી ને અટકી જતા હતા અને મતપેટીમાંથી નીકળી પૂરી કી પૂરી છબ્બીસ !!!!! બિહાર જેવા રાજયમાં નીતીશ અને લાલુના અભિમાનમાં આ વીરલાએ મસમોટું ગાબડું પાડી બતાવ્યું. રાજસ્થાન, મધ્ય-દેશ, મહારાષ્ટ્ર જેવા રાજયોમાં ભાજપે કોથળા ભરીને સીટો મેળવી. સાત એવા રાજયો નીકળ્યા જયાં સદી જુના કોંગ્રેસ ને ખાતુ ખોલવાના પણ ફાંફા પડ્યા. પરિણામો નઝર સામે છે અને એનું વિશ્લેષણ પણ સતત થતું રઝાું છે અને હજુયે થતું રહેશે પણ અહી મુખ્ય મુદ્દો છે નરેન્દ્ર મોદીના કરિશ્માનો, જાદુ નો, લહેર નો અથવા તો પરિણામો આવ્યા પછી કહી શકાય કે નરેન્દ્ર મોદી નામની સુનામીનો.

મોદીએ આની તૈયારી કદાચ ૨૦૦૭થી જ શરુ કરી દીધેલી. ૨૦૦૯ની વિધાનસભા ચૂંટણીમાં મોદી ગોધરાના રમખાણોના ભૂતને વિકાસના એજન્ડાથી ભગાડવામાં સફળ રઝાા હતા અને ત્યારે જ એમને મળી ચુક્યો હતો ભારતના હૃદય સમ્રાટ બનવાનો રાહ. કટ્ટર હિન્દુત્વવાદી અને વિધ્વ્ન્શકની બનેલી પોતાની છબીને બદલવાનો પ્રયત્ન ત્યારથી જ શરુ થઇ ગયેલો. એક પછી એક વિકાસના નવા સોપાનો સર કરતા કરતા મોદીએ પોતાની આપખુદશાહી અને એરોગન્ટ છબીને બદલવાનું શરુ કરી દીધેલું. વિરોધીઓને દલીલબાઝી કરીને હરાવવાના બદલે એમણે પોતાના પર લાગેલા દરેક આરોપોને મતપેટીના માધ્યમથી ખોટા ઠેરવવાનું શરુ કરી દીધેલું. જાણે મૌન જ એમનું શસ્ત્ર બની ગયું અને કામ જ એમની ભાષા. આ માણસે રમખાણોના દરેક આરોપો સબબ સીટ સામે ૮-૮ કલાક બેસવામાં નાનપ નાં અનુભવી ૨૦૧૨ની ચુંટણીમાં બે મોઢે ગાંડી ગાળો આપનાર કેશુભાઈને ઘરે જઈને પગે લાગીને બધાને અચંબિત કરી દીધા. ૨૦૧૪માં કટ્ટર વિરોધી કોંગ્રેસીઓને ભાજપમાં સમાવીને મિશન ૨૬નો તખ્તો ગોઠવી કાઢ્યો. વારાણસીની ચાવીરૂપ બેઠક પર ઉમેદવારી નોંધાવીને બધાને ઘતા ઝડપી લીધા. રાજનાથ જેવા એક સમયના વિરોધીને પોતાનામાં વિશ્વાસ મુકવા મજબુર કરી મુક્યા. અડવાણી , સુષ્મા જેવા નેતાઓને પણ સાથે રાખતા રઝાા.

૧૩ સપ્ટેમ્બરના જયારે મોદીને ભાજપ તરફથી વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા એ દિવસથી નરેન્દ્ર મોદીએ એક લક્ષ્ય - રૂપરેખા સાથે તૈયારીઓ શરુ કરી દીધેલી. મોદીએ આ આહવાન ઉપાડ્યું એ વખતે એમને બરાબર ખ્યાલ હતો કે કોઈના આધાર વગર એમણે પોતાની છબીની મદદથી એક એવો ચહેરો ઉપસાવવો પડશે કે જેને આગળ ધરી શકાય, જેના નામ પર આખો પ્રચાર કરી શકાય. મોદી સુપેરે જાણતા હતા કે જો દેશના લોકપ્રિય અને સર્વમાન્ય નેતા બનવું હોય તો દેશના ખૂણે ખૂણે અને શક્ય એટલા વધુ લોકો સુધી એક વિચાર, એક છબીને પહોચાડવી પડે અને ગુજરાતના ૧૨ વર્ષોના અનુભવ પછી એમણે નક્કી કર્યું શક્ય એટલા વધુ લોકોની સમક્ષ જવું. ચુંટણીની તારીખોનું તો હજુ એલાન પણ નહોતું થયું એના ક્યાય અગાઉથી મોદીએ જનસભાઓની શરૂઆત કરી દીધી. કોંગ્રેસ અને બીજા પક્ષો તો હજુ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવારની હાંસી ઉડાવવામાં અને વાતાનુકુલિત કમરાઓમાં પ્રેસ કોન્ફરન્સો બોલાવી બોલાવીને જોરશોરથી ચીલ્લાવવામાં મશગુલ હતા ત્યારે મોદી દેશના વિવિધ શહેરોમાં જઈ જઈને એમની જનસભાઓ દ્વારા લોકોનો મુડ પારખવામાં વ્યસ્ત હતા. હજુ તો બીજા પક્ષો આલીશાન નિવાસો કે ઓફિસોમાં મીઠી નીદર માણી રઝાા હતા ત્યારે બડી ઉસ્તાદીથી મોદી લોકોની વચ્ચે પહોચી રઝાા હતા. દેશના આ ખૂણેથી પેલા ખૂણા સુધી વિવિધ સંસ્થાઓ કે પાર્ટીઓના ઉપક્રમે થતી એમની ભરચક સભાઓ એ બીજું કાઈ નહોતું પણ ચુંટણી પહેલાનો નરેન્દ્ર મોદીનો ચુંટણી પ્રચાર જ હતો. પણ મોદીની આ દુરંદેશી ભરી ચાલને પારખવામાં મોટાભાગના પક્ષો નિષ્ફળ રઝાા. વિરોધીઓ મોદીએ ફેંકેલ વાક્યોમાંથી વાંધાઓ શોધી શોધીને એના જવાબો આપવામાં તલ્લીન રઝાા ત્યાં સુધીમાં તો મોદીએ દેશના લગભગ મોટા શહેરોમાં પોતાની જનસભાની હાજરી લગાવી દીધેલી. મૂળે તો આ જનસભાઓ પાછળ મોદીનો હેતુ હતો એક તો લોકો સાથે જોડાવાનો અને બીજો હેતુ હતો લોકો શું ઈચ્છે છે એ જાણવાનો.

એક પછી એક કરેલી એ આગોતરી રેલીઓ પરથી મોદીને જોવા મળ્યો લોકોની આંખોમાં બદલાવનો ભાવ. યુપીએ અને ખાસ કરીને કોંગ્રેસના નેતાઓ પર જયારે જયારે મોદીના વાક્બાણ છુટતા હતા ત્યારે ત્યારે લોકો એને જોરદાર ઉત્સાહથી વધાવી લેતા હતા. મોદીની વિચક્ષણ નજરો અને તેજ દિમાગે એ જાણી લીધું કે લોકો બદલાવ ઈચ્છે છે. યુપીએના છેલ્લા પાંચ વર્ષોના રેઢીયાળ અને ભ્રષ્ટાચારી શાશાનથી લોકોને જોઈતી હતી મુક્તિ. લોકોને આ શાશનથી છૂટવું હતું પણ શરત એ હતી કે કોઈએ બદલાવની આગેવાની લે. મોદીના પોર્ટફોલિયોમાં લોકોને જલ્દીથી વિશ્વાસ બેસી જાય એવું એક કામ હતું અને એ હતો ગુજરાતનો એમણે કરેલો વિકાસ. ગુજરાતમાં થયેલા વિકાસના ગુજરાતીઓ સિવાય પણ દેશ અને દુનિયાભરમાં ઘણા બધા સાક્ષીઓ છે એ વાતમાં તો કોઈ બેમત હતો જ નહિ. શરૂઆતની લગભગ જનસભાઓમાં મોદીએ ગુજરાત મોડેલને આગળ કરીને યુપીએ શાશનની સાથે એની તુલના લોકો સમક્ષ રજુ કરી. મોદીનો કરિશ્મા, વિરોધીઓ સિવાયના સમાજના લગભગ બધા જ ક્ષેત્રના અગ્રણીઓના મોદી અને મોદીના વિકાસ મોડેલ વિશેના પોઝીટીવ બયાનો એ લોકોમાં આશાનો સંચાર કર્યો. હજુ તો વિરોધીઓ જાગે અને મોદીનો મુકાબલો કરવા સજ્જ થાય એ પહેલા તો મોદીએ દેશભરમાં પોતાનો એક બહુમત ઉભો કરવાનું કામ લગભગ

અનુસંધાન પાના - ૭ પર